# ખેડૂતોને ૭મી ઓગસ્ટથી દસ કલાક વીજળી અપાશે

ગાંધીનગર, તા. ૫

ઉર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું છે કે, ખેડૂતોના હિતને વરેલી રાજય સરકારે અનેકવિધ ખેડૂતલક્ષી નિર્ણય લઈ કપરાકાળમા ખેડૂતોના પડખે ઉભી રહી છે ત્યારે આજે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય રાજય સરકારે કર્યો છે ઉત્તર અને મધ્ય ગુજરાતના ખેડૂતોને આગામી ૭મી ઓગસ્ટથી દશ કલાક વીજળી અપાશે. ઉર્જામંત્રી પટેલે ઉમેર્યુ કે, ઉત્તર અને મધ્ય ગુજરાતના અમુક વિસ્તારોમા વરસાદ ખેચાતા આ વિસ્તારના ખેડૂતો દ્વારા રજૂઆતો મળી હતી. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજય મંત્રી મંડળની બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા બાદ આ ખેડૂતલક્ષી નિર્ણય કરાયો છે. મંત્રીએ કહ્યુ કે, રાજયના ખેડૂતો ને અત્યારે આઠ કલાક વીજળી પૂરી પાડવામાં આવી રહી છે પરંતું ઉત્તર અને મધ્ય ગુજરાતના અમુક વિસ્તારોમાં વરસાદ ખેચાતા ખેડૂતોના ઉભા પાકને બચાવવા માટે આ વિસ્તારના ખેડૂતો ને હવે આઠ કલાક ના બદલે દશ કલાક વીજળી આપવામાં આવશે જેનાથી ખેડૂતોનો પાક બચશે અને આર્થિક નુકસાન સહન કરવુ પડશે નહી.

# રામ મંદિર હિન્દુઓની આસ્થા-શ્રધ્ધાનું પ્રતિક

## રામ જન્મભૂમિ પૂજન પર ખુશી વ્યક્ત કરતા મુખ્યમંત્રી રૂપાણી : રામ-સેવકોએ સેવા કરી, જેમણે પ્રાણોની આહુતિ આપી તે સૌનું સ્મરણ કરતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ

ગાંધીનગર, તા. ૫

આજે ૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે થયેલ ભૂમિપૂજન અને શિલાન્યાસ સમારોહના ઐતિહાસિક પ્રસંગને માનનીય મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે આવકારી ગુજરાતના પનોતા પુત્રો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને શુભેચ્છા સહ અભીનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, પાંચ શતાબ્દીની તપસ્યા, સંઘર્ષ બલિદાન અને કરોડો દેશવાસીઓની શ્રદ્ધાથી તથા અનેક વિવાદો બાદ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આજરોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરનું ભૂમિપુજન સમગ્ર ગુજરાત સહિત દેશવાસીઓ માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ બન્યો છે.દેશના કરોડો હિન્દુઓની આસ્થાના અને શ્રધ્ધાનું પ્રતિક એવા ભગવાન શ્રી રામના જન્મ સ્થળે ભવ્ય મંદિર નિર્માણનું કાર્ય શરૂ થયું છે ત્યારે ''સોગંધ રામ કી ખાતે હે, મંદિર વહી બનાયેંગે''નો નારો આજે ચરિતાર્થ થયો છે. સમગ્ર દેશમાં આજે દિવાળીના પ્રસંગ જેવો માહોલ છે. ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે ભગવાન શ્રીરામ મંદિર નિર્માણના શિલાન્યાસ પ્રસંગને વધાવતા સુરતના વરાછામાં માનગઢ ચોક ખાતે આયોજિત સમારોહમાં ઉપસ્થિત રહી ભગવાન શ્રી રામની પૂજા અર્ચના કરી હતી.જેમણે શ્રી રામ ભગવાનનાં ભવ્ય મંદિરના નિર્માણ માટે સહકાર્ય કર્યું, જે રામ-સેવકોએ કારસેવા કરી, જેમણે પણ પ્રાણોની આહુતિ આપી તે સૌનું સ્મરણ કર્યુ હતું અને જણાવ્યું હતું કે, આજરોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે સંપન્ન થયેલ ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરના નિર્માણનો શિલાન્યાસ સમારોહ કરોડો દેશવાસીઓની અપેક્ષા, આકાંક્ષાઓ અને સંકલ્પનું પ્રતિબિંબ બન્યો છે. આજે કરોડો દેશવાસીઓની આતુરતાનો અંત આવ્યો છે. સમગ્ર દેશમાં આજે અનેરા આનંદ-ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું ભૂમિપૂજન ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું તે સમગ્ર ગુજરાત માટે ખૂબ ગૌરવપૂર્ણ બાબત છે.



# સુરતથી અમદાવાદ વચ્ચેની અવરજવર રોકવા હાઈકોર્ટની સરકારને સૂચના

## કોરોના વાયરસનું સંક્રમણ અમદાવાદમાં હાલ કાબૂમાં આવી રહ્યું હોય તેવું લાગે છે, સુરતમાં કેસ સતત વધ્યા

ગાંધીનગર, તા. ૫

અમદાવાદ: કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે લેવાઈ રહેલા પગલાં વધુ અસરકારક સાબિત થાય તે માટે મંગળવારે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો કે, રાજ્યભરના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં માસ્ક નહીં પહેરનારા લોકો પાસેથી લેવાતો દંડ વધારીને ૧,૦૦૦ રૂપિયા કરવામાં આવે. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને કહ્યું કે, તમામ સાધનસંપત્તિ અને ધ્યાન કોરોના મહામારી સામે લડવામાં લગાવી દે. સુરતમાં વધી રહેલા કોરોનાના કેસો અંગે હાઈકોર્ટે કહ્યું કે, સુરતથી અમદાવાદ વચ્ચે અવરજવર બંધ થવી જોઈએ તેમજ અમદાવાદમાં પ્રવેશ કરતાં લોકોનો રેપિડ એન્ટીજન ટેસ્ટ થવો જોઈએ. મંગળવારે રાજ્યમાં કોરોનાના નવા ૧૦૨૦ કેસ નોંધાયા અને આ સાથે જ કુલ કેસનો આંકડો ૬૫,૭૦૪ થયો છે. મંગળવારે રાજ્યમાં સૌથી વધુ કેસ સુરતમાં નોંધાયા. સુરતમાં ૨૪૫, અમદાવાદમાં ૧૫૩, વડોદરામાં ૧૦૫ અને રાજકોટમાં ૮૮ કેસ નોંધાયા હતા. મંગળવારે કુલ ૨૫ દર્દીઓના મોત થયા જેમાંથી ૧૧ સુરતના, ૪ જૂનાગઢના, અમદાવાદ અને જામનગરમાં ત્રણ-ત્રણ, વડોદરાના બે અને રાજકોટ-ભાવનગરમાંથી ૧-૧ મૃત્યુ નોંધાયા. જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ જે.બી. પારડીવાળાની બેન્ચે કોરોના વાયરસને ફેલાતો રોકવા માટે લોકજાગૃતિ, તકેદારી અને નિવારણ પર ભાર મૂક્યો. હાઈકોર્ટે લોકોની ટીકાનો ભય રાખ્યા વિના કડક પગલા લેવાની તાકીદ રાજ્ય સરકારને કરી. હાઈકોર્ટે કહ્યું, ×રાજ્ય સરકારે એવું ના વિચારવું જોઈએ કે આકરા પગલા લેવાથી નાગરિકોની ટીકા કે નફરતનો સત્તાધીશોએ સામનો કરવો પડશે. આજે સૌથી વધુ અગત્યનું કંઈ હોય તો એ છે નિવારણ. હાઈકોર્ટે સ્વીકાર્યું કે, અમદાવાદમાં વાયરસનો ફેલાવો ઘટ્યો છે જ્યારે સુરતમાં કેસ વધી રહ્યા છે. અમદાવાદની જનતાની સુરક્ષા કરવાનો સમય પાકી ગયો છે અને તેના માટે સુરતથી અમદાવાદમાં થતી અવરજવરને ડાયમંડ સિટીમાં સ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી રોકી દેવી જોઈએ. હાઈકોર્ટે કહ્યું, ×અમે આવી સલાહ આપીએ છીએ કારણકે આજની તારીખે અમદાવાદમાં કોરોનાના કેસ ઘટ્યા છે જ્યારે સુરત અને તેની બહારના વિસ્તારોમાં કેસમાં ઉછાળો આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને આજે સ્કીલ ડેવલપમેન્ટ અંગે જિલ્લા કક્ષાની એક બેઠક મળી હતી.
- જિલ્લામાં કોરોનાની સ્થિતિને લઈ પ્રભારી સચિવ સુનયના તોમરે આજે જિલ્લાના અધિકારીઓ સાથે ખાસ સમીક્ષા બેઠક યોજી પરિસ્થિતિની વિગતો મેળવી હતી.
- રાજયના વિકાસ કમિશનરશ્રીએ આજે યોજેલી વિડીયો કોન્ફરન્સ છેલ્લી ઘડીએ રદ કરાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં આજે સાંજે ૪.૩૦ના સુમારે પવન સાથે વરસાદ થતાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. જો કે વરસાદ અર્ધા કલાક પછી ધીમો પડી ગયો હતો. આ પછી ડોડા અને ચાની લારી પર લોકોની ભીડ જોવા મળતી હતી.
- પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત શહેરમાં મનપા દ્વારા આજ સુધીમાં ૭૫૦થી વધુ ફેરિયાઓને આવરી લઈ રૂ. ૧૦ હજારની લોન અપાય છે. કેન્દ્ર પુરસ્કૃત આ યોજનાનો લાભ લેવા ડે. મ્યુનિ. કમિશ્નરશ્રી દવેએ અપીલ કરી છે.
- અયોધ્યા રામજન્મભૂમિ શિલાન્યાસનો કાર્યક્રમ આજે આખા ગાંધીનગરમાં સૌએ ટીવી, યુ ટયુબના માધ્યમથી માણ્યો હતો.

# સેક્ટર-૧૧ ચેતક મેદાન ખાતે કારમાં જુગાર રમતા બે જુગારી ઝડપાયા

## પોલીસે કાર, મોબાઈલ, રોકડા મળી કુલ રૂ.૮,૮૦,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો, કોલવડામાંથી ચાર જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૫

શહેરમાં શ્રાવણીયો જુગાર બરાબરનો જામ્યો હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરના મધ્યમાં આવેલા સેકટર-૧૧ સ્થિત ચેતક મેદાન ખાતે કારમાં જુગાર રમતા બે શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૬૦,૪૦૦ તેમજ બે મોબાઈલ ફોન કિં.૨૦,૫૦૦ તેમજ કાર મળીને કુલ રૂ.૮,૮૦, ૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે સાંજના પોણા પાંચ વાગ્યાના સુમારે સેકટર-૧૧ ચેતક મેદાન ખાતે એક શંકાસ્પદ કાર ઉભી હતી.પોલીસે નજીક જઈને કારમાં તપાસ કરતા બે શખ્સો કારમાં જુગાર રમી રહ્યા હતા.પોલીસે બંન્ને શખ્સોની પુછતાછ કરતા વાવોલનો ડીનજોન્સ વાસુદેવ વ્યાસ (ઉં.૫૭ સાર્થક સફલ સોસાયટી)તેમજ જયેશ નરસિંહભાઈ પ્રજાપતિ(ઉં.૪૩ દમયંતિ સોસાયટી વિસનગર) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે હોન્ડા કાર નં. જી.જે.૦૨.ડી.એ.-૯૭૬૬ કિં.રૂ.૮ લાખ અને રૂ.૬૦,૪૦૦ રોકડાઅને રૂ.૨૦,૫૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન મળી રૂ.૮,૮૦,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજી તરફ પેથાપુર પોલીસે કોલવડા ચામુંડાપુરા ખાતે જુગાર રમતા ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. પેથાપુર પોલીસે પકડી પાડેલા જુગારીઓમાં ભુપતજી મણાજી ઠાકોર ચામુંડાપુરા, નવઘણસિંહ હેમતુજી વાઘેલા (સોમનાથ સોસાયટી), વિરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા(ત્રણ રસ્તા), નરપતસિંહ જીલુસિંહ વાઘેલા (ત્રણ રસ્તા), નો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી રૂ.૩૬૬૦ રોકડા જપ્ત કરી તમામ સામે જુગારધારાનો કેસ કરી આગળની તપાસ હાથ ધરી છે.

**ડભોડા પોલીસે બાતમીને પગલે વલાદ ગામે નવા ઘરો પાસે જુગાર રમતા ૩ ઈસમોને પોલીસે પકડી પાડ્યા છે. જેમાં નવા ઘરોમાં રહેતો જીતેન્દ્ર ગાંડાજી ઠાકોર, બાબુજી ગાંડાજી ઠાકોર, અને નરેશ મનુજી ચૌહાણ જુગાર રમતા રંગેહાથ પોલીસના હાથે પકડાયા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રૂ. ૧૮૫૦ જપ્ત કરી જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી**

# સે-૨૨ના યુવા વેપારી અગ્રણી સંજય પટેલનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સે-૨૨ના શોપીંગ સેન્ટરમાં પોતાની આગવી ઓળખ ઉભી કરનાર સંજયભાઈ પટેલ



(રાજેશ કિરાણા સ્ટોર્સ)નું જે બપોરે દુઃખદ અવસાન થતાં સેકટરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

છેલ્લા થોડાક દિવસથી બિમાર સંજયભાઈને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

એક આગવી વેપારી સુઝ અને સૌહાર્દભર્યા સ્વભાવથી તેઓ દરેક વર્ગના ગ્રાહકોમાં પ્રિય હતા. તેમના જવાથી આજે સે-૨૨ના વેપારીઓએ સ્વયંભુ બંધ પાળી શ્રધ્ધાંજલિ આપી હતી.

સ્વ. સંજયભાઈ પંચદેવ યુવક મંડળ સાથે પણ સક્રિય રીતે જોડાયેલા હતા. સે-૨૨ની નવરાત્રિ મહોત્સવ સમિતિના પણ તેઓ સક્રિય સભ્ય હતા.

છેલ્લા એક વર્ષમાં જ સે-૨૨ એ બીજા અગ્રણી વેપારી ગુમાવ્યા છે. આ પહેલાં સ્વ. કીર્તિભાઈ સુખડિયાનું અવસાન થયું હતું.



ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના સ્વાસ્થ્યની સુખાકારી માટે આજે તેમણે સાંસદ આદર્શ ગામ તરીકે પસંદ કરેલા રૂપાલ ગામે વરદાયિની માતા ખાતે હોમાત્મક લઘુરુદ્રનું આયોજન ભાજપના અગ્રણી નિતીનભાઈ પટેલ દ્વારા કરાયું હતું તેની તસવીરી ઝલક...



## ''રામાયણ'' વિષયક ટપાલ ટિકિટ પર પિક્ટોરિઅલ કેન્સલેશન આલ્બમ લોન્ચ કરાયો

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આજે ઐતિહાસિક રામ મંદિર ભૂમિ પૂજનના પાવન દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતેથી ગુજરાત ટપાલ વિભાગના ઉપક્રમે ''રામાયણ'' વિષયક ખાસ ટપાલ ટિકિટ પર પિકટોરિઅલ કેન્સલેશન આલ્બમ લોન્ચ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લોન્ચ કરવામાં આવેલ આ ભગવાન શ્રીરામના જીવન સાથે જોડાયેલ ''રામાયણ'' વિષયક ખાસ આકર્ષક કલરફૂલ વિક્ટોરિઅલ કેન્સલેશન આલ્બમ ગુજરાતમાં જી.પી.ઓ. અમદાવાદ, એચ.ઓ. વડોદરા અને એચ.ઓ. રાજકોટ એમ ત્રણેય ફિલાટેલી બ્યુરોઝ ખાતે એક સાથે પ્રકાશિત કરવામાં આવી છે. ગુજરાતમાં ફિલાટેલિનો શોખ ધરાવનાર માટે આ વિશેષ પિક્ટોરિઅલ કેન્સલેશન આલ્બમ ખૂબ મદદરૂપ સાબિત થશે.

### મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત

# મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણી

## કલોલ તાલુકાના નવ લાભાર્થીઓને દિકરી વધામણા કિટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૫

ગુજરાત સરકાર દ્વારા દિકરી જન્મનું પ્રમાણ વધારવા, દિકરીઓનો શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશીયો ઘટાડવા, બાળ લગ્ન અટકાવવા તેમજ દિકરીઓ / સ્ત્રીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવા વ્હાલી દિકરી યોજના અમલમાં મુકી છે.

મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણીના ભાગ રૂપે જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા વ્હાલી દિકરી યોજના અંતર્ગત મહિલા અને બાળ અધિકારી શ્રી એન.જે.ગામી ના હસ્તે તેમની કચેરી ખાતે કલોલ તાલુકાના ૯ લાભાર્થીઓને મંજુરી હુકમનું તેમજ દિકરી વધામણાં કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજમાં દિકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા અને લોકોમાં સ્ત્રી સશક્તિકરણની જાગૃતિ લાવવા એક ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ સમ્રગ કાર્યક્રમ જીલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી એન.જે.ગામી, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી શ્રીમતી હિનાબેન ચૌધરી, મહિલા કલ્યાણ અધિકારી (એમ.એસ.કે) અને જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓની ઉપસ્થિતીમાં સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું.



શ્રી રામ મંદિર શિલાન્યાસ ના શુભ અવસરે સમસ્ત દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ... રાજ્યપાલશ્રીએ સજોડે દીપ પ્રાગટય કરી શુભકામનાઓ પાઠવી હતી.

# સોમનાથના મંદિરમાં હનુમાનના પાઠ કરાયા

શ્રી રામ મંદિર ભૂમિ પૂજન પ્રસંગે શ્રી સોમનાથ મંદિરમાં સવારે ૧૧ વાગ્યે શ્રી હનુમાન ચાલિસાના પાઠ તેમજ બપોરે ૧૨.૧૫ વાગે અભિજીત મુહૂર્તમાં ભગવાન સોમનાથજીની મહાપૂજા કરવામાં આવી હતી. તેમજ શ્રી રામ જય રામ જય જય રામના મંત્ર જાપ પણ કરવામાં આવ્યા હતા. સાંજે ૪.૩૦ વાગ્યાથી ટ્રસ્ટના રામ મંદિર ખાતે વેરાવળના સુંદરકાંડ ગ્રુપ દ્વારા સુંદરકાંડના પાઠ તેમજ સાંજના સમયે દિવડાઓથી મંદિરમાં સુશોભન કરવામાં આવ્યું હતું. શ્રી સોમનાથ મંદિરમાં પણ ભગવાનને દીપમાળા તેમજ મંદિરને રોશની કરવામાં આવી હતી. રાત્રીના ૯.૦૦ વાગ્યે અમદાવાદના સુરીલી ગ્રુપ દ્વારા શ્રી રામ સંકિર્તન ટ્રસ્ટના સોશ્યલ મીડિયામાં લાઈવ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Gujarat Council on Science & Technology (GUJCOST)
Department of Science and Technology, Govt. of Gujarat
Block-B, M.S. Building, Sector-11, Nr. Pathikashram, Gandhinagar, Gujarat. Email : info-gujcost@gujarat.gov.in
Website : www.gujcost.gujarat.gov.in,
Phone : 079-23259362-65, Fax : 079-23259363

FINANCIAL ASSISTANCE FOR ORGANIZATION OF WEBINAR / WORKSHOP / TRAINING PROGRAMME IN SCHIENCE, TECHNOLOGY & INNOVATION THROUGH ON-LINE MODE

Gujarat Council on Science and Technology (GUJCOST), working under the aegis of the Department of Science & Technology, Government of Gujarat, for promotion of science education and awareness, research and development through its various programmes and activities across the state.

Due to the prevailing situation of COVID-19 Pandemic, it is not advisable to organize programme with physical participation of the delegates and dignitaries. In this context, GUJCOST is encouraging all academic institute to organize workshop and training programmes through webinar in the frontier areas of Science, Technology and Innovation, and invites proposal for providing financial assistance for conducting such on-line programmes. The application format is available on GUJCOST website.

The Institutions are requested to submit the filled-in application in prescribed format with necessary documents to GUJCOST at least one month before the scheduled date of the programme for consideration and financial support.

Date : 5/8/2020 Advisor & Member Secretary
Inf/623/20-21 GUJCOST